# આમુખ પ્રસ્તાવના

સુજ્ઞ જ્ઞાતિજનો,

વડોદરા જીલ્લા વણકર સમાજ સંગઠીત થઈ સમાજ ઉત્થાનના ભગીરથ કાર્યમાં બાધારૂપ થતાં પ્રવર્તમાન સામાજિક કુરીવાજો દૂર કરવા વર્તમાન સમયની તાતી જરૂરીયાત ને ધ્યાનમાં લઈ ... વણકર સમાજે આ પવિત્ર સામાજિક કાર્યમાં ઉષ્માસભર જે સાથ સહકાર આપ્યો છે તે ચિરસ્મરણીય રહેશે.

આ તબક્કે આ સામાજિક પવિત્ર કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે યોગદાન આપનાર સમાજના તમામ નામી અનામી બંધુજનોનો અમો હૃદયપૂર્વક હાર્દિક આભાર વ્યક્ત કરીએ છીએ. આ લોકપ્રિય અને પવિત્ર બંધારણ સમાજ સમક્ષ રજૂ કરતા અમો અવર્ણીય આનંદ અને ગૌરવની લાગણી અનુભવી રહ્યા છે.

વધુમાં આપણે સૌ જાણીએ છીએ કે સમાજના સામાજિક રીત-રીવાજો ને નિયમિત કરતું સમાજનું બંધારણ એ સમાજ કલ્યાણ અને સુસંચાલન માટેનું એક સાધન છે, નહીં કે સાધ્ય. બંધારણ એ સંસ્થાના ઉત્થાન અને અસ્તિત્વ સુધી તે તેનું અભિન્ન અંગ છે. સમય પરિવર્તન પ્રમાણે અને સમાજની માંગ અનુસાર તેમાં જરૂરી ફેરફાર કરવા પડતા હોય છે. અગાઉ પણ વણકર સમાજ પંચનું બંધારણ ઘડાયેલું હતુ તે મુજબ સમાજ કલ્યાણના સામાજિક કાર્ય થતા હતા, તેનું ઋણ સ્વીકારી તેઓના સેવા કાર્યને ધ્યાનમાં લઈ, વર્તમાન સમયની જરૂરીયાત અનુસાર આ બંધારણ ઘડવામાં આવેલ છે.

આપણા સમાજમાં પ્રવર્તતા સામાજિક રીત-રીવાજો જેમ કે સગાઇ, લગ્ન, સીમંત, મામેરૂ, મરણ એ પ્રિતભોજન વિગેરે સામાજિક પ્રસંગો લગતા ખોટા ખર્ચાઓ બંધ કરવામાં આવે તેમજ સમાજમાં વ્યાપક પ્રમાણમાં થતા છૂટા-છેડા ના કેસોને ધ્યાનમાં રાખી સર્વ સામાન્ય માન્ય થાય તેવા નિતિ-નિયમો ઘડેલ છે. જેથી સમાજના સામાન્યમાં સામાન્ય વ્યક્તિ પણ આત્મસન્માન પૂર્વક સામાજિક પ્રસંગોના વ્યવહારો કારમી મોંઘવારીના સમયે ઓછા ખર્ચે સારી રીતે પાર પાડી શકે તેમજ સ્ત્રી સન્માન જાળવીને સ્ત્રીઓ પ્રત્યે થતાં અત્યાચાર અને શોષણનો અંત લાવી પુરૂષ સમોવડી ગણવામાં આવે, તદ્ઉપરાંત સમાજ વિકાસ અને સમૂહલગ્નને પ્રાધાન્ય આપી સમાજની પ્રગતિના દ્વાર ખોલવા માટેની કાળજી પણ આ બંધારણમાં લેવામાં આવી છે.

તારીખ : ૨૮/૧૨/૨૦૨૫ ને રવિવાર ના રોજ બપોરે ૨-૦૦ કલાકે, મંગલેશ્વર મહાદેવ, જલારામ મંદિર, માંજલપુર મુકામે સેજાકુવાના શ્રી રમણભાઈ ડાહ્યાભાઈ ચાવડા આયોજીત [illegible] વણકર સમાજના સજ્જનોની શ્રી રણછોડભાઈ માવજીભાઈ પરમાર નિવૃત્ત ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ જેમાં માજી વિધાનસભા ઉપાધ્યક્ષ શ્રી ચંદુભાઈ ડાભી ની ઉપસ્થિતિમાં અધ્યક્ષ સાથે મિટીંગ મળેલી જેમાં સમાજના આગેવાનો જુદી જુદી સામાજિક સંસ્થાઓ જેવી કે વાકળ કાનમ વણકર સમાજ, શ્રી વણકર સમાજ ટ્રસ્ટ, વડોદરા, ગુજરાત વણકર સેવા સમાજ, વડોદરા અને સમગ્ર વણકર સમાજના પ્રતિનિધિઓ, આમંત્રિત ભાઈઓ વિગેરેની મિટીંગમાં થયેલ રજુઆત, સલાહ, સૂચન અનુસાર તમા પ્રકારના રાગદ્વેષ અને અહમપ્રેરીત કડવાશ મુક્ત થઈ સમાજના ઉત્થાનના ભગીરથ કાર્યનું ગૌરવ જળવાય રહે તે માટે એક થઈ વિશાળ હૃદયથી સમાજના તમામ બંધુજનો માટે સમાજના દ્વાર ખુલ્લા રાખી, આ બંધારણ ઘડવામાં આવેલ છે. તેની તમામ બંધુઓએ નોંધ લેવા વિનંતી છે.

અંતમાં આપણે સૌએ જેટલા ઉત્સાહ અને આનંદથી આ કલ્યાણકારી સામાજિક બંધારણને આવકાર્યું છે. તેટલી જ નિષ્ઠા અને પ્રામાણિકતા થી તેનું ચુસ્તપણે પાલન કરીશું અને સમાજનો વિકાસ અને કલ્યાણ એજ આપણો ગુરૂમંત્ર બનશે તો આપણી આ મહેનત સફળ થયેલ ગણાશે. સમાજ આપણો છે અને તેનું બંધારણં આપણું પોતાનું છે તેનું પ્રતિજ્ઞાપૂર્વક ચુસ્તપણે પાલન કરીએ કરાવીએ તે આપણી પવિત્ર ફરજ છે. આ શુભ સંકલ્પને પરમેશ્વરની સાક્ષીએ અમલી બનાવીએ એજ અભ્યર્થના સહ...

**લી.**

**અમો છીએ આપના સેવાનુરાગી**

[illegible] **વણકર સમાજ ના બંધુજનો**

# -: બંધારણ (સૂચિત) :-

**ઠરાવ નં. ૧ : સગાઈ બાબતે ઠરાવ**

(૧) છોકરા - છોકરી ની પસંદગી બાદ ફક્ત માતા-પિતાએ એક બીજાના ઘરની મુલાકાત લઈ છોકરા પક્ષ અને છોકરી પક્ષના વાત કરનાર વાતગડ સાથે રાખીને સગાઈ નક્કી કરવી.

(૨) છોકરા - છોકરીના અન્ય તાલુકા, જીલ્લા કે પરગણાં માં લગ્ન સંબંધિત વાત કરવામાં આવે તો ફક્ત આપણા રીવાજ પ્રમાણે જ સગાઇ, લગ્ન થશે તેવું નક્કી કરાવવા આગ્રહ રાખવો.

(૩) સગાઈ પ્રસંગે બન્ને પક્ષના નજીકના સંબંધિઓ જેવા કે મામા-મામી, ફુઆ-ફોઈ, માસા-માસી, બહેન-બનેવી, જમાઈ અને કુટુંબના જુજ સભ્યો ભેગા થઈને સગાઈ કરવી. સગાઈ વખતે ફક્ત શ્રીફળ, સુકનનો ૫૦૧ રૂપિયો, સાડી-પેન્ટ-શર્ટ તથા મીઠાઇ એક બીજાને આપી સગાઈ ચાંદલાની વિધિ પૂર્ણ કરવી. રોકડ રકમની આપલે કરવી નહીં. કોઇપણ સગા સંબંધી પાસેથી ચાંદલો કે વહેવાર લેવો નહીં. શક્ય હોય તો લગ્નની તારીખ તેજ દિવસે નક્કી કરવી.

(૪) સગાઇ નક્કી થયા બાદ કોઈપણ પક્ષે ખાવું/માટલી લઈ જવી જેવી પ્રથા સદંતર બંધ કરવી.

(૫) રિંગ સેરેમની એટલે કે સગાઇ વખતે એક બીજાને વિંટી પહેરાવવાની નવી પ્રચલિત પ્રથા સદંતર બંધ કરવી.

(૬) સગાઈ વખતે કોઈપણ પ્રકારના સોના-ચાંદીના ઘરેણાંની આપ-લે કરવી નહીં.

**ઠરાવ નં. ૨ : લગ્ન બાબતે ઠરાવ**

(૧) સરકારશ્રીએ નક્કી કરેલ વયમર્યાદા મુજબ પુખ્ત ઉંમરના એટલે કે છોકરાની ઉંમર-૨૧ વર્ષ અને છોકરીની ઉંમર-૧૮ વર્ષના જ વર-કન્યા ના લગ્ન કરાવવા.

(૨) સમાજના તમામ લગ્નો સમૂહ લગ્ન સંસ્થામાં જ કરાવવામાં આવે તેવો પ્રયત્ન કરવો.

(૩) લગ્નની કંકોતરી ફોન કે વોટ્સએપ મીડીયા મારફતે મોકલી શકાશે. કંકોતરી રૂબરૂ આપવા માટે આગ્રહ કરવો નહીં.

(૪) છોકરા પક્ષે જાનમાં જાનૈયા તરીકે ઓછામાં ઓછા વ્યક્તિઓ લઈ જવાના રહેશે.

(૫) લગ્ન સમયે છોકરા પક્ષ તરફથી છોકરીને બે સોનાની અને એક ચાંદીની જણસ આપવાની રહેશે, જેમાં મંગળસૂત્ર નો સમાવેશ થશે.

(૬) લગ્નમાં છોકરા અને છોકરી પક્ષ જેમાં બન્નેના મોસાળપક્ષ મળીને વધુમાં વધુ ૫૦૦ માણસોની મર્યાદામાં રહીને લગ્નમાં ભેગા થવાનું રહેશે.

(૭) વર ને પોકવા માટે માંડવે મહિલાઓએ વિધિ કરવાની રહેશે. માંડવે એક બીજાને ફૂલહાર પહેરાવાની નવી પ્રથા બંધ કરવાની રહેશે.

(૮) જાન ને માંડવાના તોરણે વધાવી સીધી માંડવે લઈ જઈ ભોજનની વ્યવસ્થા કરી હોય ત્યાં જમવા લઈ જવા અને વરરાજાને ચોળીમાં લગ્ન માટે વિધિ માટે બેસાડી દેવા. લગ્ન વિધિ પુરી થયા બાદ વર-કન્યા ને જમાડી દેવાના રહેશે.

(૯) પ્રિ-વેડીંગ ફોટો, વિડીયો શુટીંગની નવી પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે. પરંતુ લગ્ન સમયે બંન્ને પક્ષ ફોટોગ્રાફી, વિડીયોગ્રાફી કરી શકશે.

(૧૦) કન્યાદાનમાં શુકનના ૨૧ રૂપિયા, તાંબાનું બેડું, ડોલ, થાળી, અન્ય રસોઈના સાધનો આપી શકાશે, વિકલ્પે મર્યાદિત રોકડ રકમ પણ આપી શકાશે.

(૧૧) લગ્નમાં ભેટ-સોગાદ આપવાની પ્રથા બંધ કરવાની રહેશે.

(૧૨) પર્યાવરણને ધ્યાનમાં લઈ વરઘોડામાં જાનપક્ષે દારૂખાનું કે ફટાકડા ફોડવાની સખત મનાઈ છે. કોઈપણ પ્રકારના કેફી પીણાં કે બીજા કોઈ વ્યસન કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૧૩) અનવર તરીકે કન્યાના ભાઈ-બહેન જશે.

(૧૪) લગ્ન બાદ ફક્ત છોકરાના બે સગાઓએ જઈ છોકરીને તેડી લાવવાની રહેશે. લગ્ન વખતે જ આંણાની વિધિ કરવાની રહેશે.

(૧૫) લગ્ન બને તો દિવસના જ કરવાનો આગ્રહ રાખવો. રાત્રીના લગ્ન રાખે તો વહેલા લગ્ન વિધિ પતાવી છોકરીને વળાવી દેવાની રહેશે.

**ઠરાવ નં. ૩ : મામેરૂ યાને મોસાળાનો ઠરાવ**

(૧) મામેરૂ બેઠુ ભરવાનું રહેશે.

(૨) મોસાળામાં યથાશક્તિ છોકરા કે છોકરી, બહેન-બનેવી, ભાણેજ-ભાણી ના કપડાં તેઓની પસંદગી મુજબ લાવવાના રહેશે. વિકલ્પે કપડા માટે રોકડ રકમ પણ આપી શકાશે.

(૩) મોસાળામાં મામા પક્ષ તરફથી યથાશક્તિ મર્યાદામાં રહી બે સોનાના ઘરેણાં અને એક ચાંદીનું ઘરેણું આપવાનું રહેશે અથવા મર્યાદામાં રહી રોકડ રકમ પણ આપી

શકાશે.

(૪) મોસાળા વખતે સગા-સંબંધી પાસેથી જણસ કે રોકડ રકમ ચાંદલા તરીકે લેવડ-દેવડ કરવાની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે.

(૫) દિકરી - જમાઇ ગ્રહશાંતિ કરે તો પિયર પક્ષે બંન્નેના કપડાં લઇ જવાના રહેશે.

(૬) મોસાળાના પ્રસંગે ઓઢણી કે પાઘડી ની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે.

(૭) બીજી વખતના મોસાળામાં કપડા માટે મર્યાદિત રોકડ રકમ આપવાની રહેશે.

(૮) મોસાળામાં આવનાર સગા-સંબંધીઓને ચાંદલો સીધો ઘર માલિકને લખાવવાનો રહેશે.

**ઠરાવ નં. ૪ : સીમંત યાને ખોળા ભરણું બાબત.**

(૧) સીમંતનું મુહૂર્ત આપવા માટે છોકરાના નજીકના બે સંબંધીઓએ જવાનું રહેશે.

(૨) સીમંતનો પ્રસંગ ફક્ત મહીલાઓનો જ હોય, પિયરપક્ષ તરફથી મર્યાદીત સંખ્યામાં મહિલાઓએ સીમંતના કપડા, ખોળાનો સામાન લઇ જવાનું રહેશે. છોકરા પક્ષે પણ મહિલાઓએ મર્યાદિત સંખ્યામાં આમંત્રણ આપવું.

(૩) સીમંતમાં બીજી કોઇપણ જાતની લેવડ-દેવડ, ચાંદલો, વેચણ વિગેરે વહેવાર કરવાની રહેશે નહીં.

(૪) સીમંત પ્રસંગે ભાભી માટે નણંદ બહેને યથા શક્તિ સોનાની કે ચાંદીની રાખી લાવવાની રહેશે.

**ઠરાવ નં. ૫ : પુનઃલગ્ન બાબતે ઠરાવ**

પુનઃલગ્ન બન્ને પક્ષના કુટુંબના વ્યક્તિઓ મળી સાદગીપૂર્વક છોકરીને સોનાનું કે ચાંદીનું મંગળસૂત્ર પહેરાવી, પગના ઝાંઝર આપી કોઇપણ જાતની લેવડ-દેવડ વગર કરવાનું રહેશે.

**ઠરાવ નં. ૬ : છૂટા છેડા યાને ફારગતી બાબતે**

(૧) બંન્ને પક્ષના વડીલોએ એક બીજાનો અહમ બાજુએ રાખી બને ત્યાં સુધી છૂટા છેડા અટકાવવાનો અને ઘરસંસાર નવેસરથી શરૂ કરે તેવો પ્રયત્ન કરવો.

(૨) જરૂર પડે પંચ સમક્ષ પતિ-પત્નીનો વિવાદ રજુ કરવો. પંચે બન્ને પક્ષને રજુઆત કરવાની તક આપી નિર્ણય કરવાનો રહેશે. જરૂર પડે કાયદાકીય ઉપચાર માટે કેસ રીફર કરવો.

(૩) બંન્ને પક્ષ પરસ્પર સંમતિથી છૂટાછેડા લેવા માંગતા હોય તો સમાજના રીવાજ

મુજબ રૂા. ૫૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર લખાણ કરી છૂટાછેડા લઈ શકશે. જો જરૂર જણાય તો જ કોર્ટમાંથી ડીક્રી લેવાની રહેશે.

(૪) કોઈપણ પક્ષની માંગણીથી છૂટાછેડા થયા હોય તો પણ હયાત બાળક પુખ્ત વય અથવા તો પૂર્ણ સમજદાર ના થાય ત્યાં સુધી બાળક છોકરીની પાસે રહેશે, ત્યારબાદ બાળક પોતાની ઈચ્છા મુજબના પક્ષકાર સાથે રહેશે.

(૫) કોઈપણ પક્ષની માંગણીથી છૂટાછેડા થતા હોય તો પણ સરકારી નીતિ-નિયમ પ્રમાણે લગ્ન વખતે કન્યાને મળેલ દાગીના અથવા ભેટ, સ્ત્રીધન તરીકે કન્યા પક્ષે જ રહેશે.

**ઠરાવ નં. ૭ : કન્યા પક્ષ તરફથી કાનુની ફરીયાદ કરવા બાબત.**

વણકર સમાજ પંચે નિમેલ સલાહકાર સમિતિના રેફરન્સ સિવાય કન્યાપક્ષે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮(એ) તથા ક્રિમીનલ પ્રોસીજરની કલમ ૧૨૫ મુજબની ફરીયાદ કોર્ટ સમક્ષ કે પોલીસ સમક્ષ બને ત્યાં સુધી લઇ જવી નહીં.

**ઠરાવ નં. ૮ : એક પત્ની હયાત હોય તો.**

બીજી પત્ની કરી શકાશે નહીં.

**ઠરાવ નં. ૯ : મરણ સંબંધિત રીવાજનો ઠરાવ**

(૧) મરણ પ્રસંગે રોવા-કુટવાનો રિવાજ સદંતર બંધ કરવો.

(૨) બેસણાની જાણ ટેલીફોન અથવા વોટ્સએપ મીડીયા દ્વારા કરવાની રહેશે. બેસણાની વિધિના દિવસે જ ઉત્તરક્રિયા ની વિધિ કરવી જેમાં ફક્ત કુટુંબના સભ્યોએ સામેલ રહેવું.

(૩) ઉત્તરક્રિયામાં કોઈપણ જાતનો વહેવાર-વહેંચણની પ્રથા સદંતર બંધ કરવી.

(૪) મરણ પાછળનું પ્રેતભોજનની પ્રથા સદંતર બંધ કરવી.

**ઠરાવ નં. ૧૦ : બંધારણના યોગ્ય અમલ બાબતે**

બંધારણના યોગ્ય અને ચુસ્તપણે અમલ માટે સંકલન સમિતિની રચના કરવામાં આવેલ છે. આ સંકલન સમિતિ ઓછામાં ઓછા ૧૧ પ્રતિનિધિઓની બનેલી હશે. સમાજના રીત-રીવાજ સંબંધી જો કોઈ સમસ્યા કે કેસ ઉદભવે તેનો નિકાલ સલાહકાર સમિતિ સાથે પરામર્શ કરી કરવાનો રહેશે. સંકલન સમિતિની બેઠક વર્ષમાં ઓછામાં ઓછી બે વખત મળશે. જરૂર પડે ખાસ મિટિંગ બોલાવી શકાશે અને બંધારણ ભંગના તમામ કેસોની સમીક્ષા કરી યોગ્ય પગલાં ભરશે.

**ઠરાવ નં. ૧૧ : બંધારણીય સમીક્ષા બાબત**

વણકર સમાજ ની સંકલન સમિતિ, બંધારણીય જોગવાઇઓના ચુસ્ત અમલ ઉપરાંત જરૂર જણાય તો બંધારણીય સુધારા-વધારા કરી શકાશે અને આવા સુધારા-વધારા સમાજને બંધનકર્તા રહેશે.

**ઠરાવ નં. ૧૨ : સમિતિના ફંડ બાબત.**

વણકર સમાજ પંચ થકી થતા સામાજિક કાર્ય જેવા કે સમુહલગ્ન, શૈક્ષણિક પ્રોત્સાહનો, જાહેર મેળાવડા કે અન્ય સામાજિક પ્રવૃત્તિઓ માટે સ્વૈચ્છીક વિકાસ ફંડ ઉભો કરશે, જેનો યોગ્ય વહીવટ સંકલન સમિતિ હસ્તક રહેશે.

**ઠરાવ નં. ૧૩ : વહીવટી (કાર્યાલય) સ્થળ**

૫, સમન્વય સ્પર્શ કોમ્પ્લેક્ષ, બીલાબોંગ ઈન્ટરનેશનલ સ્કૂલ ની પાછળ, વડસર, વડોદરા.
**મો.નં. : ૭૯૯૦૧૬૮૪૫૪**

**ઉપર મુજબના વણકર સમાજ પંચના ઠરાવો અને જોગવાઈઓ સમાજના તમામ વ્યક્તિઓને બંધનકર્તા બને છે, જેનો પ્રતિજ્ઞાપૂર્વક અને પ્રમાણિકતાથી અમલ કરવાનું સર્વાનુંમતે આજરોજ ઠરાવવામાં આવે છે**

**સ્થળ :**
**તારીખ :**

**લી.**
**વણકર સમાજ પંચ**

શિક્ષિત બનો.....     સંગઠીત બનો.....

સંઘર્ષ કરો.....



" દુનિયામાં જે કાંઈ પરિવર્તન થાય છે તે માનવ સર્જીત છે, આ એક સત્ય હકીકત છે. આપણો ઉધ્ધાર કરવા કોઈ આવવાનું નથી, આપણો ઉધ્ધાર આપણે જ કરવાનો છે."

- ડૉ. બાબા સાહેબ આંબેડકર